**મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી ડી.જે.ઠાકર સુરત સમક્ષ.**

**ટી. અરજી નં.૫૪૮/૨૦૦૨**

**અરજદાર** : શ્રી રાજુ હંસારામ
રહે. સંજયનગર ઝૂંપડપટ્ટી
લીંબાયત, સુરત.

**વિરુઘ્ઘ**

**સામાવાળા** : મિહીર સિલ્ક મિલ્સ
સ.નં.૧૩, પ્લોટ નં. ૭–૮,
મનહર ડાઈંગ પાછળ,
ગોવાલક જકાતનાકા સામે,
ઉધના–મગદલ્લા રોડ, સુરત.

**પ્રતિનિધિત્વ** : અરજદાર તરફે :– વિઘ્વાન વકીલ શ્રી એ.બી.નાયક
સામાવાળા તરફે :– વિઘ્વાન વકીલ શ્રી ચૈતાલીબેન દોરીવાલા

**–: <u>ચુકાદો</u> :–**

**<u>આંક–૨૭ લગત સુધારા હુકમ</u>**

આ કામે સામાવાળા એટલે કે, મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. ની ટુંકી વિગત એવી છે કે, મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ સામે હાલની ટી અરજી કરવામાં આવેલ છે અને સદરહુ અરજીનો જવાબ નામદાર કોર્ટમાં આંક–૫ થી રજુ કરવામાં આવેલ છે. મીહીર સિલ્ક મિલ્સ નામની સંસ્થા સને ૨૦૦૧ માં અસ્તિત્વમાં ન હતી પરંતુ મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. અસ્તિત્વમાં હતી અનેમેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. માં અરજદારની અરજીની નોટીસ મળતા તે વખતના ડીરેકટર પોપટલાલ ઈશ્વરલાલ જરીવાલાએ એડવોકેટશ્રી જયેશભાઈ કીનારીવાલાનો સંપર્ક કરેલ અને જરૂરી માહીતી આપી જણાવેલ કે અરજદાર તેમના કામદાર નથી અને તેઓ નોકરી કરતા ન હોવાથી તેઓને નોકરીમાંથી છુટા કરેલા નથી તેમ છતા ખોટો કેસ કરેલ છે. જેથી તે અંગેનો

બચાવ નામદાર કોર્ટમાં કરવો પરંતુ એડવોકેટશ્રી જયેશભાઈ કીનારીવાલા લેબર કન્સલટન્ટ તરીકે કામ કરતા હોવાથી નામદાર કોર્ટમાં જાતે હાજર રહેતા નથી અને તેઓએ સદરહુ કામ એડવોકેટશ્રી સોનલબેન ગાંધીને સુપરત કરેલ અને તેઓએ અરજદારની અરજીનો જવાબ તૈયાર કરેલ અને તે નામદાર કોર્ટમાં રજુ કરેલ પરંતુ તેમાં શરતચુકથી મીહીર સિલ્ક મિલ્સ નામની સંસ્થા આવેલ અથી અનેમેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. ના નામની સંસ્થા આવેલ છે તેનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ અને તે સંજોગોમાં નામદાર કોર્ટમાં આંક–૫ થી રજુ થયેલ જવાબમાં નીચે મુજબનો સુધારો કરવા હાલની અરજી આપવાની જરૂર ઉભી થયેલ છે.

**<u>સુધારાની વિગત</u>**

- જવાબમાં શરૂઆતમાં આ કામના અમો સામાવાળા મીહીર સિલ્ક મિલ્સ, સુરત લખેલ છે ત્યાં 'સામાવાળા મીહીર સિલ્ક મિલ્સ, સુરત' ડીલીટ કરીને '**મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ. નો**' શબ્દો ઉમેરવાની જરૂર છે.
- જળી જવાબમાં જયા જયા સામાવાળા લખેલ છે ત્યાં સામાવાળા છેકીને '**મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ.**' લખવા દેવા જરૂર છે.
- વધુમાં પેરેગ્રાફ ૨ પછી **પેરેગ્રાફ ૨–એ** નીચે મુજબ ઉમેરવાની જરૂર છે. '**મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ. એ દેના બેંકમાંથી ધીરાણની સવલત મેળવેલ અને તે ધીરાણ ભરપાઈ ન થતા દેના બેંક તરફથી ધી રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ. ની તમામ સ્થાવર જંગમ મિલકત બેંકે કબજે મેળવી લીધેલ છે અનેમેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ. ની કોઈ સ્થાવર, જંગમ મિલકત રહેલ નથી અને આમ મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા. લિ. નો ધંધો પણ બંધ થઈ ગયેલ છે. વધુમાં મીહીર સિલ્ક મિલ્સના**

**નામની કોઈ સંસ્થા સને ૨૦૦૦–૨૦૦૧ માં ચાલતી ન હતી અને તેના નામે ખોટો અરજદાર તરફથી ખોટો કેસ કરવામાં આવેલ છે.'**

આ કામે અરજદારે મૌખિક દલિલ કરેલ છે કે, સામાવાળાની હાલની અરજી ઉલટ તપાસ પૂર્ણ થઈ ત્યાર બાદ આપેલ છે. સામાવાળાએ અગાઉ આ અંગે કોઈ રજુઆત કરેલ નથી. કાયદાની જોગવાઈ  મુજબ પણ સામાવાળાની હાલની અરજી ટકવાપાત્ર ન હોઈ નામંજુર કરવા અરજ કરેલ છે. હવે બંને પક્ષોની રજુઆત તથા રેકર્ડ પરનો પુરાવો  ઘ્યાને લઈએ તો સામાવાળાએ તેઓની અરજીમાં જે દાદ માંગેલ છે તે અંગે એ રજુઆત તેઓએ તેમના આંક–૫ થી રજુ કરેલ જવાબમાં લીધી નથી. અને આંક–૫ માં પણ તેઓએ મીહીર સિલ્ક મિલ્સ વતી જ જવાબ રજુ કરેલ છે. સામાવાળાએ આંક–૨૬ થી રજુ કરેલ દસ્તાવેજોમાં પણ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. નો ઉલ્લેખ છે. જયારે સામાવાળાએ તેમની અરજીમાં મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. નો પણ સુધારો કરવાની દાદ માંગી છે. વધુમાં તેઓએ તેમની અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, મીહીર સિલ્ક મિલ્સ નામની સંસ્થા ૨૦૦૧ માં અસ્તિત્વમાં ન હતી પરંતુ મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. અસ્તિત્વમાં હતી. તે અંગેનો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. માંથી મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. કયારે અસ્તિત્વમાં આવી તે અંગેનો પણ કોઈ પુરાવો રેકર્ડ પર નથી. સામાવાળાએ આ કામના મુળ સામાવાળા અશોકભાઈ હરીભાઈ સોનીની ઉલટ તપાસ દરમ્યાન પણ હાલની અરજી કરનાર અરજદારના વકીલે પણ ઉલટ તપાસમાં મીહીર સિલ્ક મિલ્સ નો ઉલ્લેખ કરીને ઉલટ તપાસ કરેલ છે.  તેમજ આંક–૯ નો દસ્તાવેજી લીસ્ટ ઘ્યાને લઈએ તો તેમાં ૯/૩ તથા ૯/૪ ના પત્ર ઘ્યાને લઈએ તો હાલના સામાવાળા સંસ્થાએ લખેલ પત્ર છે. તેમાં પણ મીહીર સિલ્ક મિલ્સ નો ઉલ્લેખ કરેલ છે. આમ અરજદારે માંગેલ દાદ તેઓ

સ્પષ્ટ પુરાવાથી સાબિત કરી શકેલ નથી અને હાલના તબકકે આ અરજી મંજુર કરવી યોગ્ય જણાતી ન હોય આ અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

અરજદારની આંક–૨૭ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હવે પછીની સુનાવણીની તારીખ: ૨૭/૦૬/૨૦૧૭

હુકમ આજરોજ તા. ૦૭/૦૬/૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરી સહી કરી.

સુરત.

તા.૦૭/૦૬/૨૦૧૭

(ધીરેન જગદીશભાઈ ઠાકર)
ન્યાયાધીશ, મજુર અદાલત, સુરત.
U.I.C. No. GJ00748